જા.નં.મકમ/પરિપત્ર/૧૮-૧૯/4859
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા.20/07/૨૦૧૮

सत्यमेव जयते

---

પરિપત્ર

વિષય- મેડિકલ રીએમ્બર્સમેન્ટ અને પાસપોર્ટ "ના વાંધા પ્રમાણપત્ર"(NOC)બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે નિયામક સમાજ સુરક્ષા હસ્તકની જીલ્લા સરકારી કચેરી/સંસ્થાઓમાં ફરજ બજાવતાં તમામ અધિકારી/કર્મચારીઓને કે જેઓ મેડિકલ રીએમ્બર્સમેન્ટ અને પાસપોર્ટ "ના વાંધા પ્રમાણપત્ર"(NOC)બાબત અત્રેની કચેરીને દરખાસ્ત મોકલી આપે છે જે બાબતે નીચેની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે જે ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) મેડિકલ રીએમ્બર્સમેન્ટ

1. કચેરીના વડાએ મેડીકલ રીએમ્બર્સમેન્ટની ફાઇલમાં પરિશિષ્ટ-૨ સંપૂર્ણ વિગતો સાથે ચકાસીને રજૂ કરવાનું રહેશે.
2. મેડિકલ રીએમ્બર્સમેન્ટની દરખાસ્ત એક અસલ તેમજ બે નકલમાં આમ કુલ ૩ નકલમાં દરખાસ્ત કરવાની રહેશે.
3. મેડિકલ રીએમ્બર્સમેન્ટની દરખાસ્ત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા સંપૂર્ણ ચકાસણી થયા બાદ તેઓના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે મોકલી આપવાની રહેશે.
4. મેડિકલ રીએમ્બર્સમેન્ટની દરખાસ્ત સાથે પત્રક મુજબની માહિતી મોકલી આપવાની રહેશે.

(૨) પાસપોર્ટ "ના વાંધા પ્રમાણપત્ર"(NOC)

1. પાસપોર્ટ ના વાંધા પ્રમાણપત્રની કર્મચારીઓની તમામ અરજી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી મારફતે મોકલી આપવાની રહેશે.
2. પાસપોર્ટ ના વાંધા પ્રમાણપત્રની દરખાસ્તમાં તાજેતરના બે પાસપોર્ટ સાઇઝના ફોટા તથા ANNEXURE-"N" અને "M"ની સંપૂર્ણ વિગતો સુવાચ્ય અક્ષરોમાં ભરીને મોકલી આપવાની રહેશે.
3. જીલ્લા કક્ષાની સરકારી કચેરી/સંસ્થાઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓની પાસે હાલમાં પાસપોર્ટ છે તેઓએ રીન્યુ માટે અત્રેની કચેરીને અરજી મોકલી આપવાની રહેશે નહી.

વધૂમાં નિયામક સમાજ સુરક્ષા ખાતા હસ્તકની જિલ્લા કચેરીઓમા ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓને જણાવવામાં આવે છે કે હથિયાર રાખવા બાબતે કોઇજ મંજૂરી અત્રેની

કચેરી દ્વારા આપવામાં આવતી ના હોઇ આ અન્વયે વડી કચેરી ખાતે બિન જરૂરી પત્રવ્યવહાર કરવાનો રહેશે નહી.

પરિપત્ર અમલ થયેથી તમામ **પાસપોર્ટ "ના વાંધા પ્રમાણપત્ર"(NOC) અને મેડિકલ રીએમ્બર્સમેન્ટની દરખાસ્ત અન્વયે સુચનાઓનું ચુસ્તપણે પાલન કરીને ત્યારબાદ દરખાસ્ત મંજૂરી અર્થે અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.**

*મેડીકલ રીએમ્બર્સમેન્ટ બીલના ખર્ચની વિગત દર્શાવતું પત્રક(૩- નકલમાં)*

| ક્રમ.નંબર | દવાના બીલની વિગત | બીલ નંબર(GST નંબર સાથેનું) | બીલની તારીખ | બીલનો ખર્ચ(રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |

પરિપત્રનો અમલ તત્કાલિક અસરથી કરવાનો રહેશે

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

નકલ રવાના જાણ તથા અમલીકરણ કરવા સારૂ.

૧.સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી તરફ તાત્કાલિક કાર્યવાહી અર્થે

૨.સર્વે અધિક્ષકશ્રી સરકારી સંસ્થાઓને સંબધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી મારફતે તાત્કાલિક સુચનાઓનો અમલ કરવા સારુ.

૩.વડી કચેરીના તમામ શાખા શાખા અધિકારીઓને જાણ સારૂ.